dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
July 2012 For private circulation only Vol. 04 - Issue 85

વિદ્યાદાનનું મહત્વપૂર્ણ રાષ્ટ્રીય કાર્ય મને સોંપવામાં આવ્યું છે. તે કાર્ય હું દિલ લગાવીને કરતો રહીશ. બાળકોના બૌધ્ધિક તેમજ સર્વાંગીણ વિકાસ માટે તન-મનથી પ્રયત્ન કરતો રહીશ. રાષ્ટ્રને માટે સક્ષમ-કાબેલ નાગરિક અને આદર્શ ગૃહિણીઓ તૈયાર કરવા સતત પ્રયત્ન કરતો રહીશ. બાળકોનું જ્ઞાન, અવલોકન કરવાની શકિત તેમજ સૌંદર્યદ્રષ્ટિ વિકસિત કરવામાં કાર્યશીલ રહીશ. બાળકોને પોતાના સ્વમાનની રક્ષા કરવાનું, સમાજસેવા કરવાનું તથા રાષ્ટ્રપ્રેમી બનાવવાનું શિક્ષણ આપતો રહીશ. આ જ મારું સૌથી પ્રધાન કર્તવ્ય બની રહેશે.

(રુડકી, જિ. કોલ્હાપુરની છત્રપતિ શાહુ ડી.એડ. કોલેજના પ્રવેશ દ્વારે મરાઠીમાં લખેલી પ્રતિજ્ઞાનો ભાવાનુવાદ. સંસ્થાની નિરીક્ષણ મુલાકાત 'ગતિશીલ શિક્ષણ'ના તંત્રી શ્રી પી.જી. પટેલે લીધેલી)

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

હમણાં થોડા દિવસ અગાઉ એક ધારદાર કટાક્ષ વાંચવામાં આવ્યો. બે વ્યકિતઓ વચ્ચેના કેવળ એક એક વાકયના સંવાદમાંથી પ્રગટેલો કટાક્ષ આ મુજબ હતો : એક શૈક્ષણિક સંકુલમાં આંટાફેરા કરી રહેલા એક માણસના હાથમાં માર્કશીટ્સની ફાઈલ જોઈને, શાળાના ટ્રસ્ટી એને પૂછે છે - 'તમે કામની શોધમાં છો ?' સામેથી જવાબ મળે છે - 'ના, નોકરીની શોધમાં છું.' આ ટૂંકા સંવાદથી ચોંકી જવાયું. મન પવન પાવડી પહેરીને ચાલી નીકળ્યું વિચાર પ્રદેશમાં. ખાનગી ક્ષેત્રોમાં તો રૂપિયાનું પૂરેપૂરું વળતર લેવામાં આવે છે પણ સરકારી ક્ષેત્રોમાં અકર્મણ્યભાવ ધીમે ધીમે એનો વ્યાપ વધારી રહયાની ફીલીંગ થાય છે. રાષ્ટ્રના ઉજ્જવળ ભવિષ્ય માટે આ અકર્મણ્યભાવ ખતરનાક છે. આપણાં સમયના વકરી ગયેલા રોગ તે 'મારે શું?' અને 'મારું શું ?' આ બે છે. સૌ જાણે કે ઓછી મહેનતે વધારે કમાવવાની હરીફાઈમાં ઉતરી ગયા છે. કામ એ બોજો નથી પણ આનંદ છે એ સમજનારાઓની સંખ્યામાં ધરખમ ઘટાડો નોંધાઈ રહયો છે. અને નોકરીને વેઠ સમજનારાઓની સંખ્યા ભયજનક સપાટી સુધી પહોંચી ગઈ છે. 'વર મરો, કન્યા મરો પર ગોરનું તરભાણું ભરો' આવું બાળપણમાં સાંભળેલું અચાનક તીવ્રતા સાથે યાદ આવે છે. કામ પ્રત્યે રસ જાગે તે જરૂરી જ નહીં પણ આવશ્યક વાત હોવાનો મારો સ્પષ્ટ મત છે. એક વાર કામ પ્રત્યે લગાવ થયો અને રસ જાગ્યો તો કામ બોજારૂપ ન લાગતાં એક આનંદયાત્રા બની રહેશે. સનતકુમાર ભટ્ટે એક નાનકડો પણ અંતરનાં કમાડ ઉઘડી જાય એવો એક પ્રસંગ લખ્યો છે :

"ડુંગરનું ચઢાણ આકરું હતું. યાત્રાળુ સૌનાં મોં પર થાકનાં ચિહ્ન દેખાતાં હતાં. સૌ બોજારહિત થઈ ચાલતાં હતાં, છતાં હાંફતાં હતાં. બધાંની સાથે બારેક વરસની એક છોકરી પણ ચડતી હતી. કેડે ચારેક વરસનો છોકરો તેડયો હતો. કોઈને દયા આવી, પૂછયું, "અલી છોડી, આ છોકરાને ઉંચકીને ચડે છે, તે તને ભાર નથી લાગતો ?"

છોકરીએ જવાબ આપ્યો, "ભાર ?

ના રે, એ તો મારો ભાઈ છે !"

કેટલાક લોકોને ફરિયાદો કર્યા કરવાની કુટેવ હોય છે. જે છે તેનાથી સંતોષ જ એ લોકોને નથી હોતો. 'હેવ મોર' એમનો જાણે કે જીવનમંત્ર બની ગયો છે. વિનોબા ભાવેનું એક ચોટદાર વિધાન છે - "અગ્નિથી રોટલી પણ શેકી શકાય છે અને ઘરને આગ પણ લગાડી શકાય છે." નકકી આપણે કરવાનું છે કે અગ્નિથી રોટલી શેકવી છે કે ઘરને આગ લગાડવી છે ?! ફરિયાદ કરતાં પહેલાં આત્મનિરીક્ષણ કરીએ. હું માનું છું કે વર્ગખંડમાં સમયસર ન પહોંચતા શિક્ષકને બસ કે ટ્રેન મોડી પડયાની ફરિયાદ કરવાનો અંશ માત્ર અધિકાર નથી. ફિરોઝ દાવરે અસરકારક શબ્દોમાં લખ્યું છે કે : "સામાન્ય રીતે શિક્ષકનો માર્ગ આર્થિક લાભની બાબતથી ભરેલો નથી હોતો, અને જે પોતાના સિધ્ધાંત ત્યજી દે છે અને ઐહિક લાભ માટે પોતાનો ધંધો ખેડે છે તેને યોગ્ય સજા મળે છે જ - પોતાના ધંધાનો બેવફા નીવડી તે કદાપિ સફળ શિક્ષક થઈ શકતો નથી." પોતાના વ્યવસાય પ્રત્યે લગાવ - ચાહત ન હોય તો એમાં કશી ય બરકત ન આવે. કાકા કાલેલકર કહે છે :

"કોઈ પણ સંસ્થામાં આપણે થોડા દિવસોને માટે હોઈએ કે કાયમને માટે, તે સંસ્થાનું આત્યંતિક હિત, તે સંસ્થાની પ્રતિષ્ઠા અને વાતાવરણની પવિત્રતા એ ત્રણે વસ્તુ વિશે ઈન્તેજારી આપણામાં પૂરેપૂરી હોવી જ જોઈએ. એક દિવસને માટે ભણાવતા હોઈએ તોપણ સંપૂર્ણ નિષ્ઠાથી ભણાવવું એ તો પ્રમાણિક સેવામાં આવી જ જાય છે... ભણાવવામાં એક દિવસને માટે પણ જો આપણે બેદરકાર કે નિરુત્સાહી થઈએ, વેઠ ઉતારીએ તો આપણી ઉન્નતિનો અને આપણાં આનંદનો એક દિવસ આપણે ગુમાવ્યો ગણવો જોઈએ."

એક ફિલોસોફરે કહયું છે : "તમને ગમે તે કામ તમે કરવા માંડજો, નહીંતર જે કામ કરશો તે ગમવા માંડશે."

આપણને સોંપવામાં આવેલી જવાબદારી આપણે સમજદારી અને વફાદારીપૂર્વક વહન કરી આપણાં રાષ્ટ્રની ઉન્નતિમાં આપણે આપણું સર્વસ્વ અર્પણ કરી દઈએ એ શુભભાવના સૌ કોઈનાં હૃદયમાં બળવત્તર બનાવીએ.

૧૫ જુલાઈ, ૨૦૧૨

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## વીએનએસજીયુ @ ફેસબુક

યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓ સાથે ઓનલાઈન કનેકટ રહેવા ઈનોવેટિવ સ્ટેપ લીધું છે. યુનિવર્સિટીએ જુદા જુદા અભ્યાસક્રમોની માહિતી આપવા તેમજ વિદ્યાર્થીઓની ફરિયાદનું નિરાકરણ લાવવા ફેસબુક પર એક પેજ ક્રિએટ કરેલ છે. વિદ્યાર્થી પોતાની સમસ્યા યુનિવર્સિટી સાથે ડાયરેકટ શેર કરી શકશે. એટલું જ નહિ યુનિવર્સિટીનું પેજ જોવા માટે વિદ્યાર્થીઓ ફ્રેન્ડ રિકવેસ્ટ મોકલવાની પણ જરૂર નથી.

આ નવીન કાર્યક્રમ અંગે કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર જણાવે છે કે "આ પેજ પર અમે યુનિવર્સિટીમાં થતી દરેક એકટિવીટી અપલોડ કરતા રહીશું. યુનિવર્સિટીની ઓથોરિટિઝ દ્વારા જ પેજ અપડેટ થયા કરશે એટલે સ્ટુડન્ટસને તેમના સવાલોના તાત્કાલિક જવાબ મળી જશે. આ રીતે સમયનો પણ સદ્ઉપયોગ થશે અને સ્ટુડન્ટસને ફાયદો થશે. જેમાં ન્યૂઝપેપર્સમાં પ્રકાશિત ન્યૂઝ, એડસ અને કાર્યક્રમોના ફોટોગ્રાફ મૂકવામાં આવશે."

## ગૌરવ પુરસ્કાર



યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ અને યુવક કલ્યાણ પ્રવૃત્તિઓના સહનિયામકશ્રી કપિલદેવ શુકલને ગુજરાતી રંગભૂમિમાં નાટયક્ષેત્રે અપૂર્વ સિધ્ધિ તથા નોંધપાત્ર પ્રદાન માટે વર્ષ ૨૦૧૦-૧૧નો ગુજરાત રાજય "ગૌરવ પુરસ્કાર" એનાયત કરવામાં આવેલ છે. અભિનંદન

## સમર ફિટનેસ કેમ્પ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સમગ્ર ભારતની એવી એક યુનિવર્સિટીઓમાંથી છે. જે પ્રતિવર્ષ પોતાના ખેલાડી ભાઈઓ-બહેનો માટે સમર ફિટનેસ કેમ્પનું આયોજન કરે છે. જે એક ગર્વની બાબત છે. આ વર્ષે તા. ૦૪-૦૬-૧૨ થી તા. ૨૪-૦૬-૧૨ દરમ્યાન યોજાયેલા સમર ફિટનેસ કેમ્પની અંદર લગભગ ૯૫ જેટલા ખેલાડી ભાઈઓ-બહેનોએ કોચીંગનો લાભ લઈને પોતાની શકિત વિકાસ થાય એ દિશામાં આરંભ કર્યો છે. કાર્યકારી કુલપતિશ્રી જાગૃતિબહેન પટેલના પ્રમુખ પદે યોજાયેલા પૂર્ણાહુતિ સમારંભમાં ચેરમેન બોર્ડ ઓફ સ્પોર્ટના ડૉ. વિનોદભાઈ પટેલ અને સિન્ડિકેટ સભ્યશ્રી કિરીટ વાસદીયા ઉપસ્થિત રહયા હતા. કાર્યકારી કુલપતિશ્રીએ જણાવ્યું કે રમત-ગમત સિધ્ધિ હાસલ કરવાથી સમાજ જીવનમાં મહત્વનું સ્થાન પ્રાપ્ત થાય છે. એટલું જ નહિ વ્યવસાય ક્ષેત્રે પણ સરકારી, પ્રાઈવેટ, કો-ઓપરેટીવ કે અન્ય તમામ ક્ષેત્રોમાં નોકરી અને વ્યવસાયની તક પણ ઉજળી બને છે. આવનાર વર્ષમાં તમને આ કેમ્પમાં મળેલી ટ્રેનિંગ ઉપયોગી થાય અને તમે આપણી યુનિવર્સિટીનું નામ રાષ્ટ્રીય કક્ષાએ ઉજાળો તેવી શુભેચ્છા. ચેરમેનશ્રી ડૉ. વિનોદભાઈ પટેલે વિદ્યાર્થીઓની મહેતન બિરદાવી હતી અને શુભેચ્છા પાઠવી હતી. નિયામકશ્રી ડેવિડ પોલે કેમ્પ અંગે વિગતવાર માહિતી આપી હતી. ખેલાડી ભાઈઓ-બહેનો તરફથી કુ. પૂજા ચૌરૂષિ ફિટનેસ કેમ્પની સમગ્ર ગતિવિધિઓને જીવનમાં ઉપયોગી બનાવવાની ખાત્રી આપી હતી. યુનિવર્સિટીના આ આયોજન માટે આનંદ વ્યકત કર્યો હતો. કેમ્પના કોચશ્રી મદનસિંહ ઠાકોર, શ્રી રાજુ ભાલાવાલા, શ્રી કેતન પટેલ, શ્રી ચેતન પટેલનું કુલપતિશ્રીના વરદહસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

## કન્યા કેળવણી, રથયાત્રા-શાળા પ્રવેશોત્સવ-૨૦૧૨

ગુજરાત સરકારશ્રી કન્યા કેળવણી તથા કોઈ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે પ્રતિ વર્ષ "કન્યા કેળવણી રથયાત્રા તથા શાળા પ્રવેશોત્સવ" નો કાર્યક્રમ સમગ્ર રાજયમાં યોજે છે. આ અન્વયે વર્ષ ૨૦૧૨નો કાર્યક્રમ તા. ૧૪-૧૫ અને ૧૬ જુનનાં રોજ યોજાઈ ગયો. સરકારશ્રી દ્વારા ઉચ્ચ સ્થાન પર બિરાજમાન અધિકારીશ્રીઓ છેવાડાનાં ગામ સુધી જઈ કન્યા કેળવણી અને શાળા પ્રવેશનું મહત્વ સમજાવે અને આ માટે ગામ, ગામ લોકો અને તમામ આગેવાનો આ યજ્ઞમાં જોડાઈ પોતાનું દાયિત્વ નિભાવે તે માટે પ્રયત્નશીલ છે. આ કાર્યક્રમોમાં કુલપતિશ્રીના પ્રતિનિધિ તરીકે ભૌતિકશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ. કિશોરભાઈ પોરીયાએ વાંચવા, દામકા, ભટલાઈ, મોરા, રાજગરી, ડુમસ, સુલતાનાબાદ, ભીમપોર, હૈદરગંજ, પાલી, તલંગપોર અને ઉબેર ગામોના કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. દરેક શાળામાં સમાન રીતે સુંદર કાર્યક્રમનું આયોજન થયેલ હતું. સૌ પ્રથમ પ્રાર્થના, દીપ પ્રાગટય, દેશ પ્રેમ ગીત, સ્વાગત ગીત, યોગનું નિર્દેશન, અતિથિ વિશેષનું વકતવ્ય, મુખ્ય મહેમાનનું વકતવ્ય, શાળાના ઓરડાનું ખાતમુહુર્ત (ગ્રાન્ટ મળેલ શાળા માટે) આભારદર્શન. ડૉ. પોરીયાએ જુદા જુદા સ્થાનો પર સુંદર ઉદાહરણો અને વિસ્તૃત માહિતી આપી શિક્ષકશ્રી, સમાજના આધારસ્તંભ મોભીઓ તથા જાગૃત વાલીઓને પોતાનું આ આવશ્યક દાયિત્વને માત્ર પૂરું કરવા નહિ તેમને ચરિર્થાત કરવા કમર કસવા આહ્વાન કર્યું હતું. આજે "મુલ્ય" નું સ્થાન "કિંમત" લેવા જઈ રહી છે. ત્યારે નિરીક્ષરતા એ પાપ જ નહિ પરંતુ કોઈને નિરીક્ષર રાખી જીવનને નર્કમાં નાંખવાનુ કામ કોઈ ન કરે, તે જોવાની આપણી નૈતિક ફરજને આપણે ન ભૂલીએ. આપણું રાષ્ટ્ર જ સાંસ્કૃતિક વિરાસત ધરાવતું રાષ્ટ્ર છે. સૌથી વધુ યુવાનો ધરાવતું (ચીન પછી) રાષ્ટ્ર છે. કદાચ વિશ્વની આવતી કાલ બનાવવાનો સૌથી વધુ મોકો આપણને મળી રહયો છે. પાશ્ચાત્ સંસ્કૃતિનાં કુસંસ્કારો એ સમાજ રચના છિન્ન ભિન્ન કરી નાંખી છે. પરિણામો સામે છે. તેનાં પર નજર કરી આપણી શિક્ષણ પ્રણાલીને સુગઠિત કરવાનો અને પશ્ચિમનાં પવનોથી માતા સરસ્વતી સાથે પ્રજવલિત થયેલાં દિપની જયોત ઝળહળતી રહે તે માટે સૌ સુસંગઠીત થઈએ. આપણી સંસ્કૃતિના સારાપણાને સ્વીકારીએ અને નઠારી બાબતોને તરછોડવાની સમજ માટે પણ શિક્ષણ ઉપયોગી થશે તેમાં બે મત નથી. "જો મને ભગવાન પ્રસન્ન થાય તો હું ટેલીવીઝન બનવા"ની સુંદર વાર્તા દ્વારા શિક્ષકને બાળક મશીન નહિ પરંતુ લાગણીથી છલકતો અને અનેક આવિસ્કૃતોનો સાચો હકદાર અને યોજક બને તે દિશામાં પ્રયત્ન કરવા કટીબધ્ધ થવા હાકલ કરી હતી.

આ કાર્યક્રમ દરમ્યાન ગુજરાત રાજયનાં ૨૦ મુદ્દા અમલીકરણનાં અધ્યક્ષ શ્રી કૌશીકભાઈ પટેલ, પૂર્વ મેયરશ્રી અજયભાઈ ચોકસી, જિલ્લા પંચાયત સદસ્યશ્રી ઠાકોરભાઈ પટેલ, રાજેન્દ્રભાઈ પટેલ, બચુભાઈ રાઠોડ વગેરે મહાનુભાવ ઉપસ્થિત રહયા હતાં.

## વિદેશ પ્રવાસ



(ઈસા અકાદમીના હેડટીચર શૌકત બદાત સાથે
ડૉ. દક્ષેશ ઠાકર, મોહમ્મદ મુન્શી, અઝીઝ ટંકારવી,
આદમ ઘોડીવાલા તથા ડેપ્યુટી હેડટીચર)

કુલપતિ ડૉ. દક્ષેશ ઠાકર તથા સામાજિક કાર્યકર અઝીઝ ટંકારવી મુન્શી મુનબરવાલા ટ્રસ્ટ, યુ.કે.ના નિમંત્રણથી તા. ૨૩ જુન થી ૪ જુલાઈ ૨૦૧૨ દરમિયાન બ્રિટનના શૈક્ષણિક પ્રવાસે પધાર્યા હતા.

એમની મુલાકાતને હેતુ બ્રિટનની યુનિવર્સિટીઓ અને સ્કૂલોની મુલાકાત લઈ, ચર્ચાવિચારણા કરી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે લીન્કનું આયોજન કરવાનો હતો. આ બંને મહાનુભાવોએ પ્રેસ્ટન કોલેજ, એજહિલ યુનિવર્સિટી, લેસ્ટર યુનિવર્સિટી તથા બોલ્ટન ઈસા અકાદમીની મુલાકાત લીધી. પ્રેસ્ટન કોલેજના પ્રિન્સીપાલ સાથેની મુલાકાતમાં વ્યવસાયિક અભ્યાસક્રમો પ્રેસ્ટન કોલેજના સહયોગથી દક્ષિણ ગુજરાતમાં શરૂ થાય એવું આયોજન થયું. એજહિલ યુનિવર્સિટીએ પણ દ.ગુ. યુનિવર્સિટી વિશે માહિતી મેળવી. આ યુનિવર્સિટી સાથે ૨૭૦ કોલેજો સંલગ્ન છે, જેમાં મેડિકલ, એન્જીનિયરિંગ તથા લૉ કોલેજોનો સમાવેશ થાય છે. લેસ્ટર યુનિવર્સિટીએ પણ ડૉ. દક્ષેશ ઠાકરને યોગ્ય જણાય તે ક્ષેત્રોમાં લીન્ક કરવાની તૈયારી બતાવી છે. બોલ્ટનની ઈસા અકાદમીની મુલાકાત દરમિયાન હેડટીચર શૌકત બદાત સાથે ચર્ચા વિચારણા થઈ, અને તેમણે દક્ષિણ ગુજરાતની શાળાઓનું શૈક્ષણિક સ્તર ઊંચું લાવવા તથા ગુણવત્તા સુધારવાના પ્રોજેકટમાં સંપૂર્ણ સહયોગની ખાતરી આપી. આ મુલાકાતોમાં ડૉ. દક્ષેશ ઠાકર સાથે જનાબ મોહમ્મદ મુન્શી મનુબરવાલા, જનાબ દિલાવર વલી, જનાબ ઈબ્રાહીમ બસા તથા ડૉ. આદમ ઘોડીવાલા સામેલ હતા.

લેસ્ટર યુનિવર્સિટીની મુલાકાતનું આયોજન જનાબ અબ્દુલકરીમ ઘીવાલાએ કરેલું. યુનિવર્સિટી ઉપરાંત અતિથિઓએ લેસ્ટરના ઈન્ટરફેઈથ સેન્ટરની મુલાકાત લીધી. વિવિધ ધર્મોના પ્રતિનિધિઓને મળ્યા, અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ઉપર સર્વધર્મ સદ્ભાવ સેન્ટરની સ્થાપના કરવાનું આયોજન થયું. મોડી સાંજે સાયોનારા હોટલમાં યોજાયેલ ભોજન સમારંભમાં લેસ્ટરના હિન્દુ, મુસ્લિમ, શીખ પ્રતિનિધિઓએ ઉપરોકત પ્રોજેકટને સહાય કરવાની તત્પરતા બતાવી.

અતિથિઓ બે દિવસ માટે લંડનમાં હતા. ત્યાં દિલાવર વલી અને ઈબ્રાહીમ બસા સાથે તેમણે હાઉસ ઓફ લોર્ડઝની મુલાકાત લીધી હતી.

શૈક્ષણિક મુલાકાતો ઉપરાંત ડૉ. દક્ષેશ તથા અઝીઝ ટંકારવી સાહિત્યિક કાર્યક્રમોમાં ઉપસ્થિત રહયા. બાટલીમાં ગુજરાતી રાઈટર્સ ફોરમ તથા ઈન્ડિયન મુસ્લિમ વેલફેર સોસાયટીના ઉપક્રમે અલ્ હિકમાહ સેન્ટર ખાતે બન્ને અતિથિઓના વકતવ્યો અને મુશાયરાના ભવ્ય કાર્યક્રમનું આયોજન થયું. આ પ્રસંગે અહમદ ગુલના વાર્તા સંગ્રહ 'અજાણ્યાં'નું વિમોચન અઝીઝ ટંકારવીના હસ્તે તથા અહમદ ગુલની 'ડાયસ્પોરા કવિતા'નું લોકાર્પણ ડૉ. દક્ષેશ ઠાકરના હસ્તે થયું. આ પ્રસંગે ખૂબ જ પ્રભાવશાળી પ્રવચનમાં ડૉ. દક્ષેશ ઠાકરે શૈક્ષણિક મૂલ્યો અને સાહિત્યના પ્રયોજનની વાત કરી, જેનાથી શ્રોતાઓ અત્યંત પ્રભાવિત થયા. અઝીઝ ટંકારવીએ સામાજિક ઉત્કર્ષ માટે પોતાના વકતવ્યમાં ઉપયોગી દિશાસૂચન કર્યા. આ ઉપરાંત ગુજરાતી રાઈટર્સ એસોસિએશન દ્વારા બ્લૅકબર્ન ખાતે મુશાયરાનું આયોજન થયું. જેમાં અતિથિઓનું સન્માન કરવામાં આવ્યું.

હમણાં સુધી બ્રિટનની શૈક્ષણિક સંસ્થાઓ સાથે દક્ષિણ ગુજરાતની સંસ્થાઓનો સહયોગ ગોઠવાયેલો નહી. આ તકથી આપણો પ્રદેશ વંચિત હતો. ડૉ. દક્ષેશ ઠાકર તથા અઝીઝ ટંકારવીની મુલાકાતની ફળશ્રુતિરૂપે હવે ટૂંક સમયમાં જ આ પ્રક્રિયા શરૂ થશે. આ સમગ્ર પ્રોજેકટમાં ફેસિલીટેટર તરીકે ડૉ. આદમ ઘોડીવાલાની સેવાઓ પ્રાપ્ત થઈ હતી.

બ્રિટનથી વિદાય થતી વેળા ડૉ. દક્ષેશ ઠાકરે એમની મુલાકાત સંદર્ભે સંપૂર્ણ સંતોષ વ્યકત કરી મુન્શી ટ્રસ્ટ તથા અન્ય કાર્યક્રમોના આયોજકોનો આભાર માન્યો હતો.

## મુલાકાત



યુનિવર્સિટીના માનવસંસાધન વિભાગના વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને ગ્રંથપાલે તા. ૫-૭-૨૦૧૨ના રોજ યુનિવર્સિટી ગ્રંથાલયની મુલાકાત લઈને ગ્રંથાલયનો કઈ રીતે ઉપયોગ કરવો, ગ્રંથસંગ્રહ અને વિવિધ સેવાઓની વિગતવાર માહિતી મેળવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે માનવસંસાધન વિભાગના વડાશ્રી પ્રોફે. કિરણભાઈ એન. પંડયા દ્વારા શૈક્ષણિક સત્રના પ્રારંભે પોતાના વિભાગના વિદ્યાર્થીઓ, ગ્રંથપાલ અને અધ્યાપકો યુનિવર્સિટી ગ્રંથાલયની મુલાકાત છેલ્લા ત્રણથી તેઓ પ્રબંધ કરી રહયા છે.

## Results : April-May 2012


| Sr. No. | Examination | Percentage |
|---|---|---|
| 1 | B.Opt. Sem : 1 (Supli) | 88.00 |
| 2 | B.Opt. Sem : 3 (Supli) | 100.00 |
| 3 | B.Opt. Sem : 5 (Supli) | 100.00 |
| 4 | B.Pharm. (F.Y.) | 33.00 |
| 5 | B.Pharm. (Fourth Year) | 82.76 |
| 6 | M.P.A. (Part time) Sem.6 | 100.00 |
| 7 | B.Sc.(T.Y.) | 79.51 |
| 8 | M.P.A. Sem.2 | 100.00 |
| 9 | M.P.A. Sem.4 | 100.00 |
| 10 | M.P.A. (Part time) Sem.4 | 100.00 |
| 11 | M.Ed. Sem.1 | 100.00 |
| 12 | M.Ed. Sem.2 | 98.92 |
| 13 | B.P.E.(F.Y.)Sem.2 | 100.00 |
| 14 | B.P.E.(S.Y.) | 100.00 |
| 15 | B.P.E.(T.Y.) | 100.00 |
| 16 | M.P.E. Sem.2 | 100.00 |

| | | |
|---|---|---|
| 17 | B.C.A. Sem.5 | 47.95 |
| 18 | B.L.I.Sc. Sem.2 | 100.00 |
| 19 | M.L.I.Sc.(Part time):1 | 100.00 |
| 20 | M.L.I.Sc.(Part time):2 | 100.00 |
| 21 | M.P.E. Sem.4 | 100.00 |
| 22 | B.S.W. Sem.1 | 100.00 |
| 23 | B.S.W. Sem.2 | 100.00 |
| 24 | M.B.E. Sem.1 | 100.00 |
| 25 | M.B.E. Sem.2 | 100.00 |
| 26 | M.B.E. Sem.3 | 50.00 |
| 27 | M.H.R.D. Sem.1 (Eve.) | 75.00 |
| 28 | M.H.R.D. Sem.3 (Eve.) | 100.00 |
| 29 | M.H.R.D. Sem.4 (Eve.) | 92.86 |
| 30 | M.H.R.D. Sem.5 (Eve.) | 33.33 |
| 31 | M.H.R.D. Sem.6 (Eve.) | 82.75 |
| 32 | B.R.S.(T.Y.) | 99.65 |
| 33 | B.Sc.(F.Y.) (Old) | 52.84 |
| 34 | B.B.A. Sem.5 | 50.00 |
| 35 | B.A.(T.Y.) (Regular) | 88.53 |
| 36 | B.A.(T.Y.) (External) | 78.92 |
| 37 | B.Com.(T.Y.) (Regular) | 58.50 |
| 38 | B.Com.(T.Y.) (External) | 36.84 |
| 39 | B.Com.(T.Y.) (Hon) | 90.91 |
| 40 | B.Ed. Sem.1 | 81.25 |
| 41 | B.Ed. Sem.2 | 99.93 |
| 42 | B.Ed. (Yearly) | 57.14 |
| 43 | M.H.R.D. Sem.1 | 100.00 |
| 44 | M.H.R.D. Sem.2 | 93.58 |
| 45 | M.H.R.D. Sem.3 | 100.00 |
| 46 | M.H.R.D. Sem.4 | 97.09 |
| 47 | B.C.A. Sem.6 (New) | 96.02 |
| 48 | B.C.A. Sem.6 (Old) | 68.75 |
| 49 | M.L.W. Part:1 Sem.1 | 100.00 |
| 50 | M.L.W. Sem.2 | 100.00 |
| 51 | M.L.W. Sem.4 | 100.00 |
| 52 | M.A. (Mass Comm.): Sem.2 | 100.00 |
| 53 | M.A. (Mass Comm.): Sem.4 | 100.00 |
| 54 | P.G.D.:Journalism Sem.2 | 75.00 |
| 55 | M.Sc. Stat.Sem.2 | 90.91 |
| 56 | M.Sc.App.Stat.Sem.1 | 100.00 |
| 57 | M.Sc.App.Stat.Sem.2 | 83.78 |
| 58 | M.Sc.App.Stat.Sem.4 | 88.46 |
| 59 | M.Sc. Aqu.Biology.Sem.2 | 100.00 |
| 60 | M.Sc. Aqu.Biology.Sem.4 | 100.00 |
| 61 | M.Sc. Applied Stat.Sem.1 | 100.00 |
| 62 | M.Sc. Applied Stat.Sem.2 | 83.78 |
| 63 | M.Sc. Applied Stat.Sem.4 | 88.46 |
| 64 | B.R.S. | (S.Y.)98.77 |
| 65 | M.Sc. Physics Sem.1 | 72.73 |
| 66 | M.Sc. Physics Sem.2 | 93.33 |
| 67 | M.Sc. Physics Sem.3 | 91.67 |
| 68 | M.Sc. Physics Sem.4 | 76.19 |
| 69 | M.Sc. Tech. Sem.1 | 100.00 |
| 60 | M.Sc. Tech. Sem.3 | 100.00 |
| 61 | M.Sc. Tech. Sem.4 | 75.00 |
| 62 | M.Sc. (Ele.) Sem.2 | 85.71 |
| 63 | M.Sc. Bioscience Sem.2 | 96.97 |
| 64 | M.Sc. Bioscience Sem.4 | 100.00 |
| 65 | B.C.A. Sem.1 (CBCS) | 40.85 |
| 66 | B.C.A. Sem.1 (Old) | 46.03 |
| 67 | B.C.A. Sem.3 | 44.05 |
| 68 | B.B.A. Sem.4 | 23.82 |
| 69 | B.B.A. Sem.6 | 66.63 |
| 70 | B.A.(F.Y.) (Reg.Old) | 43.85 |
| 71 | M.S.W. Sem.4 | 100.00 |
| 72 | B.A.(F.Y.) (Ext) | 88.58 |
| 73 | B.H.M.S.(F.Y.) (Supli.) | 87.37 |
| 74 | B.H.M.S. (S.Y.) | 46.72 |
| 75 | B.H.M.S. (T.Y.) | 52.65 |
| 76 | B.H.M.S. (4th year) | 33.37 |
| 77 | B.Com.(F.Y.) (Old) | 46.01 |
| 78 | B.Com.(F.Y.) (Ext) | 58.46 |
| 79 | B.B.A. (Old) Sem.1 | 39.90 |
| 80 | B.B.A. (CBCS) Sem.1 | 35.62 |
| 81 | B.R.S. (F.Y.) Old | 66.67 |
| 82 | B.R.S. Sem.1 | 100.00 |
| 83 | B.R.S. Sem.2 | 99.68 |
| 84 | B.I.D.Sem.1 | 38.71 |
| 85 | B.C.A.Sem.2(Reg) | 61.02 |
| 86 | B.C.A.Sem.2(ATKT) | 49.76 |
| 87 | B.C.A.Sem. | 88.51 |
| 88 | B.B.A.Sem.3 | 28.14 |
| 89 | M.Sc.Chem.Sem.1 | 84.21 |
| 90 | M.Sc.Chem.Sem.2 | 94.28 |
| 91 | M.Sc.Chem.Sem.3 | 100.00 |
| 92 | M.Sc.Chem.Sem.4 | 97.84 |
| 93 | B.Com.Sem.1 | 23.75 |
| 94 | B.Com.Sem.1(Honours) | 65.45 |
| 95 | F.Y.B.Com.(Yearly) | 41.94 |
| 96 | B.I.D.Sem.3 | 71.62 |
| 97 | B.I.D.Sem.5 | 59.46 |
| 98 | M.Sc.Part.I(Botany) | 100.00 |
| 99 | M.Sc.Part.II. (Botany) | 100.00 |
| 100 | M.Sc.Part.II. (Chem) | 100.00 |
| 101 | M.Sc.Part.II.(Eve.) | 100.00 |
| 102 | M.Sc.Part.II (Physics) | 100.00 |
| 103 | M.Sc.Part.II. (Maths) | 100.00 |
| 104 | B.Sc.Sem.I. | 27.05 |
| 105 | B.B.A. Sem.4 | 41.00 |
| 106 | M.R.S.Sem.1 | 16.67 |
| 107 | M.R.S.Sem.2 | 95.12 |
| 108 | M.R.S.Sem.4 | 88.89 |
| 109 | M.Sc. (Botany) Sem.1 | 100.00 |
| 110 | M.Sc. (Botany) Sem.2 | 100.00 |
| 111 | M.Sc.(Botany) Sem.4 | 100.00 |
| 112 | M.Sc. (Chemistry) (S.F.)Sem.1 | 100.00 |
| 113 | M.Sc. (Chemistry) (S.F.)Sem.2 | 98.00 |
| 114 | M.Sc. (Chemistry) (S.F.)Sem.4 | 100.00 |
| 115 | M.Sc. (Micro) Sem.1 | 45.45 |
| 116 | M.Sc. (Micro) Sem.2 | 100.00 |
| 117 | M.Sc.(Micro) Sem.3 | 100.00 |
| 118 | M.Sc.(Micro) Sem.4 | 98.53 |
| 119 | S.Y.B.Sc. | 79.37 |
| 120 | B.B.A. Sem.2 (Old) | 48.47 |
| 121 | B.B.A. Sem.2 (CBCS) | 85.07 |
| 122 | B.A. Sem.1 | 33.66 |
| 123 | B.Sc. Sem.2 | 82.67 |
| 124 | S.Y.B.A. (Reg) | 91.13 |
| 125 | S.Y.B.A. (Ext) | 92.57 |
| 126 | S.Y.B.Com. (Reg) | 65.36 |
| 127 | S.Y.B.Com. (Ext) | 68.62 |
| 128 | M.Sc.(IT) Sem.5 | 100.00 |

| | | |
|---|---|---|
| 129 | M.Sc.(IT) Sem.6 | 99.02 |
| 130 | F.Y.M.Opto. | 100.00 |
| 131 | S.Y.M.Opto. | 80.00 |
| 132 | M.Sc. (Maths) Sem.1 | 50.00 |
| 133 | M.Sc. (Maths) Sem.2 | 98.63 |
| 134 | M.Sc. (Maths) Sem.3 | 100.00 |
| 135 | M.Sc. (Maths) Sem.4 | 100.00 |
| 136 | L.L.B. Sem.5 | 38.74 |
| 137 | L.L.B. Sem.6 | 89.30 |
| 138 | T.Y.Fine Arts | 100.00 |
| 139 | M.Sc. (Med.Tech) Sem.2 | 100.00 |
| 140 | M.Sc. (Med.Tech) Sem.4 | 100.00 |
| 141 | M.Sc. (MLT) Sem.2 | 100.00 |
| 142 | M.Sc. (MLT) Sem.4 | 100.00 |
| 143 | L.L.B. Sem.3 | 71.00 |
| 144 | P.G.M.L.T. | 89.71 |
| 145 | P.G.D.R.M.Sem.2 (Reg) | 100.00 |
| 146 | P.G.D.R.M.Sem.2 (Ext.) | 100.00 |
| 147 | B.Com.Sem.2 | 82.05 |
| 148 | B.E. Sem.1 (Div.I.) | 59.46 |
| 149 | B.E. Sem.I. (Div.II) | 39.64 |
| 150 | L.L.B. Sem.I. | 75.43 |
| 151 | L.L.B. Sem.4 | 89.43 |
| 152 | B.A. Sem.2 | 91.85 |
| 153 | S.Y.B.Com.(Hon) | 97.06 |
| 154 | B.Com.Sem.2 | 95.79 |
| 155 | B.E.Sem.2. (Div).I. | 100.00 |
| 156 | B.E.Sem.2 (Div).II | 100.00 |
| 157 | M.Sc. (Env) Sem.2 | 100.00 |
| 158 | M.Sc.(Env.) Sem.4 | 100.00 |
| 159 | L.L.B.Sem.2 | 77.73 |
| 160 | M.A.Sem.1 | 68.21 |
| 161 | B.I.D. Sem.2 | 75.86 |
| 162 | B.I.D. Sem.4 (Old) | 100.00 |
| 163 | B.I.D. Sem.4 | 82.35 |
| 164 | B.I.D. Sem.6 | 100.00 |
| 165 | M.B.A.(Full time) Sem.2 | 62.05 |
| 166 | M.B.A.(Full time) Sem.4 | 85.07 |
| 167 | M.B.A. (THM) Sem.2 | 100.00 |
| 168 | M.B.A.(TMH) Sem.4 | 60.00 |
| 169 | M.B.A. (Eve.) Sem.2 | 30.77 |
| 170 | M.B.A. (Eve.) Sem.4 | 45.87 |
| 171 | M.B.A. (Eve.) Sem.6 | 66.67 |
| 172 | M.B.A. (Old) Sem.2 | 100.00 |
| 173 | M.B.A. (Eve.)Old.Sem.2 | 100.00 |
| 174 | M.B.A. (Eve.)Old.Sem.4 | 100.00 |
| 175 | M.B.A. (Eve.)Old.Sem.6 | 100.00 |
| 176 | B.Opto. 4th Year | 100.00 |
| 177 | M.Sc. Comp.App.Sem. | 40.00 |
| 178 | M.Sc. Comp.App.Sem.2 | 93.10 |
| 179 | M.Sc. Comp.App.Sem.3 | 50.00 |
| 180 | M.Sc. Comp.App.Sem.4 | 100.00 |

# કોલેજ ન્યૂઝ

## NET



શ્રીમતી જી.એન. પંડયા બી.એડ્. કોલેજ, ભેસ્તાન, સુરતના અંગ્રેજી વિષયના આસિ. પ્રોફે. વિશ્વાબેન એચ. દેસાઈ ડિસેમ્બર - ૨૦૧૧માં લેવાયેલ UGC NET શિક્ષણશાસ્ત્ર વિષયમાં ઉત્તીર્ણ થયા છે.

## એન.સી.સી.

વલસાડની શાહ એન.એચ. કોમર્સ કોલેજમાં ચાલતા એન.સી.સી. યુનિટના ૧૭ જેટલા એન.સી.સી. કેડેટસઓએ ચીખલી મુકામે યોજાયેલા એન.સી.સી.ના CATC કેમ્પમાં સફળતાપૂર્વક ભાગ લીધો હતો. આ દસ દિવસીય કેમ્પમાં ગ્રુપ ડાન્સ, સોલોડાન્સ, વોલીબોલ, રસ્સાખેંચ, માર્ચિંગ, રાયફલ શુટીંગ કાર્યક્રમો મુખ્ય હતા. જે પૈકી કુ. અન્નુ નાગે સોલો ડાન્સમાં પ્રથમ અને કુ. મૈસુરીયા હેમિશાએ ગૃપ ડાન્સમાં ભાગ લીધો હતો. એન.સી.સી. કેડેટસ હરિશ ગોડિયાની કવાર્ટર ગાર્ડ તરીકે પસંદગી કરવામાં આવી હતી. જયારે ફાયરીંગમાં શ્રી ટંડેલ બન્ટી, શ્રી પઠાણ મલ્લુ અને શ્રી ચિંતન પટેલની પસંદગી થઈ હતી. એકતા અને અનુશાસન ઈન્ડિયન આર્મીમાં ટ્રેનિંગ, ભુકંપ અને આગ સમયે રાહત કામગીરી પ્રદુષણ, અટકાવવું, રાયફલ ટ્રેનિંગ જેવા વિષયો ઉપર એન.સી.સી. કેડેટસને આ કેમ્પમાં જરૂરી માહિતી અને તાલીમ આપવામાં આવી હતી. કેમ્પમાં વોલીબોલ સ્પર્ધામાં કોલેજના કેડેટસની ટીમ ચેમ્પિયન બની હતી. એન.સી.સી. ઈન્ચાર્જ પ્રા. વી.આર. ચાંપાનેરી તથા પ્રા. મુકેશભાઈ પટેલે કેમ્પમાં જનાર એન.સી.સી. કેડેટસને માર્ગદર્શન પુરુ પાડયું હતું.

## સપ્તતારા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે છ દિવસ માટે ગુજરાત રાજયના કોલેજના વિદ્યાર્થીઓ માટે સપ્તધારા કાર્યશિબિર યોજાઈ. વલસાડની શાહ એન.એચ. કોમર્સ કોલેજમાંથી કુ. શૈલી ઉપાધ્યાય, કુ. સિદ્દીકા કુરેશી, કુ. અંજલી દરજી, કુ. કોમલ દેસાઈ, શ્રી પિંકલ માહયાવંશી, શ્રી મયુર રાણાએ ભાગ લીધો.

## વૃક્ષારોપણ

શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશન, ભરથાણામાં 'વિશ્વ પર્યાવરણ દિન'ની ઉજવણી રૂપે પ્રા. અખિલેશ નાયકના અધ્યક્ષપણા હેઠળ તાલીમાર્થી ભાઈ-બહેનો દ્વારા કેમ્પસમાં લગભગ ૨૫૦ જેટલા વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું. ટ્રસ્ટીશ્રી અમિષ જૈન, ડાયરેકટરશ્રી ડો. એ.કે. દવે, શ્રી પ્રકાશભાઈ તથા ઈ.ચા. આચાર્યા નયનાબેન ચૌહાણ દ્વારા ઉમદા કાર્ય થયું. તેમજ કોલેજનાં સમગ્ર અધ્યાપકવૃંદ પણ આ કામગીરીમાં ઉત્સાહભેર જોડાઈને પર્યાવરણ જાગૃતિ લાવવામાં સરાહનીય ફાળો આપ્યો હતો.

## પ્રવેશોત્સવ

- શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશન, સુરતમાં કેમ્પસ ડાયરેકટર ડો. એ.કે. દવેના અતિથિવિશેષ પદે પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી. જેમાં પ્રાર્થના અને કાર્યક્રમનું સંચાલન પ્રા. ભાવિનાબેન દેસાઈ દ્વારા કરવામાં આવ્યું. નવા તાલીમાર્થીઓનું સ્વાગત શબ્દો દ્વારા અને અતિથિઓનું સ્વાગત પુષ્પો દ્વારા આચાર્યશ્રી નયનાબેન ચૌહાણે કર્યું. કેમ્પસ ડાયરેકટર ડો. એ.કે. દવે અને ઈ.ચા. નયનાબેન ચૌહાણે નવા તાલીમાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. આભારવિધિ પાયલબેન પટેલે કરી હતી.
- એમિટી બી.એડ્. કોલેજ, ભરૂચમાં તા. ૩-૭-૧૨ના રોજ પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે શ્રી આર.બી. વાડિયા (જનરલ મેનેજર, જી.એન.એફ.સી., ભરૂચ) ઉપસ્થિત રહયા હતા. તેમણે ભાવિ શિક્ષકોને વિદ્યાર્થી જીવનનાં અતિ મૂલ્યવાન શાળાકાળ અને કોલેજકાળને અલગ અલગ કક્ષામાં વિભાજન કરી, દરેક કક્ષામાં શિક્ષકનું લાગણી સભર વર્તન કેવું હોવું જોઈએ તેનું સચોટ માર્ગદર્શન આપ્યું હતું તેમને પુસ્તક (ગાંધીજીની જીવન યાત્રા એમના શબ્દોમાં) અર્પણ કર્યું હતું.

## આરોગ્ય




નવયુગ સાયન્સ કોલેજ, સુરતમાં NSS અને NCC એકમ તેમજ નશાબંધી અને આબકારી ખાતુ સુરત (ગુજરાત)ના સંયુકત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય વ્યસન મુકિતદિનની ઉજવણી તા. ૨૫ અને ૨૬ જુનના દિવસે કરવામાં આવી હતી. ઉજવણીના ભાગરૂપે કોલેજમાં વકતૃત્વ નિબંધ તેમજ ચિત્ર સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં કુલ ૪૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે નશાબંધી અને આબકારી ખાતાના સુપ્રિ. શ્રી એસ.પી. ચંડેલ, શ્રી નરેન્દ્રભાઈ જોષી અને શ્રી ગિરિશભાઈ દત્તાણી ઉપસ્થિત રહયા હતા. દરેક વિદ્યાર્થીઓને નશાબંધી અને આબકારી ખાત દ્વારા પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યા હતા. આચાર્યશ્રી ડૉ. અશ્વિનભાઈ પટેલે પોતાના પ્રવચનમાં વિદ્યાર્થીઓને રાષ્ટ્રની પ્રગતિ માટે વ્યસન મુકિત અભિયાનમાં સક્રિયપણે જોડાવા હાકલ કરી હતી.

## ચર્ચા

સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજ, અંકલેશ્વરમાં વિદ્યાર્થીઓના બે જૂથ વચ્ચે પ્રાચીન યુગ અને આધુનિક યુગની જીવનશૈલી, સાધન-સુવિધા, સ્ત્રીઓનું સ્થાન, શાળા-શિક્ષણ, નૈતિક મૂલ્યો, સંસ્કાર અને સુખ કે દુ:ખની સ્થિતિ અંગે તુલનાત્મક જૂથ ચર્ચા કરવામાં આવી હતી. ઈ.આ.શ્રી કૃણાલભાઈ પંચાલે ચર્ચાની ફલશ્રુતિ સમજાવતાં પ્રાચીન યુગના પાયા પર જ આધુનિક યુગની ઊભી છે એમ જણાવ્યું હતું.

## પરિચય

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં છેલ્લા ફી પ્રિરિયડમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટેના પ્રયત્નોના ભાગરૂપે કોલેજમાં ચાલતી ચાળીસથી પણ વધુ સહઅભ્યાસ પ્રવૃત્તિઓથી વાકેફ કરવા માટે અધ્યાપકો દ્વારા મોટીવેશન અને કાઉન્સેલીંગના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. પ્રા. ડૉ. દક્ષાબેન ઠાકોરે વુમન ડેવલપમેન્ટ સેલ, પ્રા. આર. પી. પટેલે વકતૃત્વ, નિબંધ સ્પર્ધા તથા અસરકારક વકતૃત્વ કળા, રાષ્ટ્રીય સેવા યોજના અને નાણાં અને વિદ્યાર્થી કલ્યાણ સમિતિ અંતર્ગત પ્રા. કે.સી. પટેલે, હેલીબેન ઉપાધ્યાયે ૨૧ મી સદીમાં કોમ્પ્યુટરના નોલેજ અંગે માહિતી, પ્રા. મુકેશભાઈ પટેલ, પ્રા. ભાવિનભાઈ પટેલ તથા પ્રા. સુશીલાબેન દેસાઈએ સ્પોર્ટસને લગતી માહિતી આપી હતી. પ્રિ. ડૉ. જે.એમ. નાયકે આ માટે જરૂરી પ્રોત્સાહન અને માર્ગદર્શન આપ્યું હતું.

## પ્રકાશન



ઉદધિ. (વાર્ષિક મુખપત્ર) વર્ષ ૨૦૧૧-૧૨. અંક-૫, શ્રીમતી પી.એન. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, ઉમરાખ. સંપાદક : ડૉ. સંજય એસ. ભગતવાલા અને હિના બી. ચૌધરી.

## ઉજવણી

બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં ગુરુપૂર્ણિમા તથા તરતા પુસ્તકોનો કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં તાલીમાર્થીઓ દ્વારા આચાર્ય તથા અધ્યાપકોનું કુમકુમ તિલક, પુષ્પ અને પુસ્તકથી સ્વાગત કરી આશીર્વાદો મેળવ્યા હતા. ગુરુ વિશે રસપ્રદ વકતવ્યો તથા ગીતો રજૂ કરવામાં આવ્યા હતા. આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલ દ્વારા "વિચાર સ્પંદન" પુસ્તક અધ્યાપક મિત્રો વચ્ચે તરતું મુકવામાં આવ્યું હતું. તેમજ કોલેજના તમામ તાલીમાર્થીઓ પણ પુસ્તકોનું વાંચન કરે, વિચારે અને વિકસે એ હેતુથી તાલીમાર્થીઓ દ્વારા પણ ૭ પુસ્તકો તરતા મૂકવામાં આવ્યા હતા. આ તમામ પુસ્તકો અંતે લાયબ્રેરીને ભેટ આપવામાં આવશે. ગ્રંથપાલ અશોકભાઈ રાઠોડે તરતા પુસ્તકો પ્રકલ્પ વિશે માહિતી આપી હતી. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી સાવલિયા કાજલબેને તથા આભારવિધિ ચૌધરી જયેશભાઈએ કરી હતી.

તા. ૩-૭-૧૨ના રોજ ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન (એમ.એડ્.), સુરતમાં ગુરૂપૂર્ણિમા નિમિત્તે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓએ શ્લોક, પ્રાર્થના, વકતવ્ય જેવી કૃતિઓ રજુ કરી હતી. ઈ.ચા. પ્રિન્સિપાલ પ્રા. નિહારીકા પટેલ તેમજ ડૉ. સ્નેહલતાબેન, પ્રા. જીજ્ઞેશભાઈ, પ્રા. રાજેશભાઈ તથા ડૉ. કીર્તિબેને વિચારો વ્યકત કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન પુરાણીક ધારાએ કર્યું હતું.



૨૦ જુન. ૧૨ના રોજ બટાલીયન એન.સી.સી.ના કર્નલ સુરેન્દ્રકુમારના સંચાલન હેઠળ વી.એસ. પટેલ કોલેજ, બીલીમોરાના એન.સી.સી. કેડેટો દ્વારા વ્યાખ્યાન અને રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એન.સી.સી. કેડેટને ડ્રગ્સ અને તે અંગેની જાણકારી મેજર ભાવેશ દેવતા અને પ્રો વિજય મહેતાએ આપી હતી. ત્યાર બાદ કેડેટોને કોમર્સ કોલેજના આચાર્ય ડૉ. ભારતીબેન પંચોલી અને ટ્રસ્ટીની નટુભાઈ કેવત દ્વારા રેલીને લીલી ઝંડી આપવામાં આવી. રેલી પ્રા. એ.આર. બજાજએ પુર્ણાહુતી પ્રસંગે જણાવ્યું કે ડ્રગ્સ અંગેની પ્રવૃત્તિઓ દેશની આતંકવાદી પ્રવૃત્તિ કરતા પણ વધારે ભયજનક પ્રવૃત્તિ છે અને એન.સી.સી. દ્વારા ઉજવવામાં આવ્યો તે ખૂબ જ પ્રસંશનીય છે.

શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશન, સુરતમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી. જેમાં ગુરુઓનું સ્વાગત પૂજન કંકુ-અક્ષત પુષ્પ તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું. ઈ.ચા. આચાર્યાશ્રી નયનાબેન ચૌહાણ દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન-આર્શીવચન પાઠવવામાં આવ્યા. પ્રશિક્ષણાર્થીઓ દ્વારા ગુરુનો મહિમા દર્શાવતા વિવિધ ભજનો, વકતવ્યો, સુવિચારો, પોસ્ટર, બુલેટિન રજૂ થયા. કાર્યક્રમનું આયોજન તેમજ માર્ગદર્શન, તૈયારીઓ પ્રા. ભાવિના દેસાઈ, પ્રા. ભાવિક ગજ્જર તથા પ્રા. હેતલ પટેલ દ્વારા કરવામાં આવી હતી. અને આભારવિધી તાલીમાર્થીની નાયક ઉષ્માએ કરી હતી. કાર્યક્રમનું સંચાલન પેટીવાલા ગ્રીષ્મા અને શાહ ખુશાલીએ કર્યું.



શ્રીમતી જી.એન. પંડ્યા બી.એડ્. કોલેજ, ભેસ્તાનમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી પ્રસંગે તાલીમાર્થીઓએ ''ગુરુદેવો ભવ''ની ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતી વિવિધ કૃતિઓ ભજન, ગુરુવંદના, દોહા, નાટક, સ્વાગતગીત વગેરેની રજૂઆત કરી હતી તથા આચાર્યશ્રી તથા પ્રાધ્યાપકોએ તાલીમાર્થીઓને ગુરુપૂર્ણિમા નિમિત્તે આર્શીવચનો પાઠવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પરમેશ્વરવાળા તન્વીએ કર્યું હતું.

તા. ૩-૭-૧૨ના રોજ શ્રી નર્મદા કોલેજ ઓફ એજ્યુકેશન, માંગરોલ ખાતે ગુરુપૂર્ણિમા દિનની ઉજવણી કરવામાં આવી જેમાં પટેલ કમલભાઈ, વસાવા જાગૃતિબેન અને રાજરીનાબેને ગુરૂપૂર્ણિમાનું મહત્વ અને તેમના અનુભવ કહયા હતા.

## સ્પર્ધા

બી.જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં ફલકનોંધ, મહેંદી અને કેશ ગુંફન સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. દરેક સ્પર્ધાઓમાં તાલીમાર્થી મિત્રોએ ખૂબ જ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજ્યુકેશન, સુરતમાં ગૌરીવ્રત નિમિત્તે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ. મહેંદી સ્પર્ધામાં પ્રથમ-પરમાર દિપીકા, દ્વિતીય-રાઠોડ સ્નેહા તથા તૃતીય-વાઘેલા ધ્રુવી આવી હતી. આશ્વાસન રાકેશ પ્રજાપતિને મળ્યું હતું. કેશગૂંફન સ્પર્ધામાં પ્રથમ-પટેલ ધારા, દ્વિતીય-પઢારિયા પ્રિયંકા તથા આશ્વાસન જાવદ સરિતાને મળ્યું હતું. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ઈ.ચા. આચાર્યશ્રી નયનાબેન ચૌહાણ, પ્રા. ભાવિના દેસાઈએ સેવા આપી હતી. તેમજ આયોજન પ્રા. દેવાંગના પટેલ તેમજ પ્રા. દિપ્તીબેન શ્રોફ દ્વારા કરવામાં આવ્યું હતું.



શ્રીમતી જી.એન. પંડ્યા બી.એડ્. કોલેજ, ભેસ્તાનમાં અલૂણાવ્રત નિમિત્તે યોજાયેલ મહેંદી સ્પર્ધામાં પ્રથમ-શેખ સુમૈયા આર., દ્વિતીય-ખલીફા અફસાના એ. તથા તૃતીય-રાઠોડ સુમિત્રા કે. રહયા હતા. આરતી શણગાર સ્પર્ધામાં પ્રથમ-રાણા અલ્પા એમ. અને દ્વિતીય-સોલંકી વિભૂતિ એચ. તથા તૃતીય-પટેલ રશ્મિતા એમ. તથા પટેલ ભાવેશ કે. રહયા હતા. તથા બૂકે સ્પર્ધામાં પ્રથમ-પટેલ ઉર્વીબેન એમ. તથા દ્વિતીય-પટેલ જીગીશા કે. રહયા હતા.

તા. ૩૦-૬-૧૨ના રોજ શ્રી નર્મદા કોલેજ ઓફ એજ્યુકેશન, માંગરોલ ખાતે ગૌરીવ્રત નિમિત્તે બેસ્ટ સાડી, બેસ્ટ ડ્રેસ, મેકઅપ, કેશગુફન અને મહેંદી સ્પર્ધા યોજાઈ, જેમાં બેસ્ટ સાડી સ્પર્ધામાં પ્રથમ-વસાવા મીરાબેન, દ્વિતીય-વસાવા પદમાબેન, તૃતીય-સુકાની કૃપાબેન, બેસ્ટ ડ્રેસ સ્પર્ધામાં પ્રથમ-રાજરીના અને પટેલ અનિતાબેન તેમજ દ્વિતીય-પટેલ સુનીતા અને તૃતીય-પટેલ વર્ષાબેન અને સુકાની કૃપા તેમજ કેશગુંફન સ્પર્ધામાં બહેનોમાં પ્રથમ-પટેલ વર્ષાબેન, દ્વિતીય-પટેલ ખુશ્બુબેન તેમજ ભાઈઓમાં પ્રથમ-વસાવા અશોકભાઈ, દ્વિતીય-પટેલ કમલભાઈ, મેકઅપ સ્પર્ધામાં પ્રથમ-રાઠોડ ઉષાબેન, દ્વિતીય-રાજ રીનાબેન, મહેંદી સ્પર્ધામાં પ્રથમ-પટેલ કલ્પના દ્વિતીય-વસાવા મીનાક્ષીબેન અને રાજરીનાબેન તેમજ તૃતીય-વસાવા પદમાબેન અને તડવી નિર્મલાબેન રહયા હતા. અધ્યાપકોએ નિર્ણાયકની ભૂમિકા ભજવી હતી.

સી.ડી. પચ્ચીગર કોલેજ ઓફ હોમીયોપેથીક મેડીસીન એન્ડ હોસ્પીટલ, સુરત ખાતે અલુણા વ્રત નિમિત્તે જુલાઈ માસની ૨, ૪ અને ૭ તારીખ દરમ્યાન રોજ હેરસ્ટાઈલ, આરતી ડેકોરેશન, મહેંદી, સાડી ડે, અંતાક્ષરી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, ઉપરોકત કાર્યક્રમમાં કલ્ચરલ હેડ ડૉ. રૂપલ ચૂડાવાલા તથા અન્ય સ્ટાફમિત્રોએ મળીને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમનું માર્ગદર્શન આચાર્યા ડૉ. સૂચેતાબેન તથા એડમીનીસ્ટ્રેટર ડૉ. વિપુલ શાસ્ત્રીએ કર્યું હતું. સંસ્થાના ચેરમેનશ્રી ડૉ. દશરથભાઈ પચ્ચીગરે હાજર રહી વિદ્યાર્થીઓને ઉત્સાહીત કર્યા હતા.

કોલેજ ઓફ એજ્યુકેશન, ખરોડમાં શિક્ષણેતર પ્રવૃત્તિઓના ભાગરૂપે અલુણાના તહેવાર નિમિત્તે પ્રશિક્ષણાર્થી બહેનોની મહેંદી સ્પર્ધા તા. ૭-૭-૧૨ના રોજ યોજવામાં આવી હતી. જેમાં ૧૨ બહેનોએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ-પાટોડિયા જલ્પાબેન, દ્વિતીય-પટેલ નમ્રતાબેન ડી., તૃતિય-વણકર કિરણબેન રહયા હતા. નિર્ણાયક તરીકે પ્રા. પારૂલબહેન ટંડેલ અને ગ્રંથપાલ કવિતાબહેન રાઠવાએ સેવા બજાવી હતી.

## વ્યાખ્યાન

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના પ્રો. બી.ટી. પટેલે વિલિયમ ગોલ્ડીંગ લિખિત 'લોર્ડ ઓફ ફલાઈઝ' પુસ્તકનો રસપ્રદ પરિચય કરાવ્યો હતો. આ પુસ્તક શાળાના બાળકોની એવી વાર્તા છે કે જે એક નિર્જન ટાપુ પર પ્લેનક્રેશ દ્વારા જઈ પહોંચે છે અને ત્યાર બાદની ગતિવિધિની સંવેદના સાથે સંકળાયેલ છે. જેનું પ્રા. બી.ટી. પટેલે રસપ્રદ નિરૂપણ કર્યું હતું.

ભગવાન મહાવીર કોલેજ ઓફ એજ્યુકેશન (એમ.એડ્.) સુરતમાં શિક્ષણ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, આણંદના પ્રોફેસર અને અધ્યક્ષ ડૉ. મહેશચંદ્ર યાજ્ઞિકનું ''સંશોધન સમસ્યા પસંદગી'' વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું.

## એન.એસ.એસ.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના શ્રી આશિષ ટેલર, શ્રી કેયુર ભટ્ટ, શ્રી મિલીન દેસાઈ, શ્રી મહેશ રોહિત, શ્રી શાદાબ પઠાણ અને શ્રી રવિકાન્ત પવારે પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે કે.સી.જી. દ્વારા આયોજિત એન.એસ.એસ.ના ત્રિદિવસીય ટ્રેઈનિંગ પ્રોગ્રામમાં ભાગ લીધો. તદ્‌પરાંત એન.એસ.એસ.ના વિદ્યાર્થી શ્રી નૈનેશ પટેલ અને કુ.સુનિતા રાજેશે વિશાખાપટ્ટનમ્ ખાતે ભાગ લઈ ગુજરાતની ટીમ વતી સાંસ્કૃતિક બાબતોમાં ઉત્તમ પર્ફોમન્સ આપ્યું હતું. આ મેગા સમર કેમ્પમાં ભાગ લેવા દરમિયાન તેમણે આંધ્ર યુનિવર્સિટી ખાતે ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી પ્રેરિત 'ફર્સ્ટ એઈડ' અંગેની ટ્રેનિંગ મેળવી હતી. સાંસ્કૃતિક કાર્યક્રમ અન્વયે 'ગુજરાત ડે'ના દિવસે ગુજરાતની ટીમ વતી ઉપરોકત બંને સ્પર્ધકોએ પર્ફોમન્સ આપ્યું હતું. જેમાં કુ. સુનિતા રાજેશે નૃત્ય દ્વારા શ્રેષ્ઠ પર્ફોમન્સ આપી ભારતીય ટીમમાં સિલેકશન મેળવી લીધું હતું. કુ. સુનિતા હવે ભારતની ટીમ સાથે ચીન ખાતે યોજાનાર સાંસ્કૃતિક પ્રોગ્રામમાં ભાગ લેવા ભારત સરકારના યુથ એફર્સ એન્ડ સ્પોર્ટસ ખાતાના નેજા હેઠળ જશે.

# વાચન વિશેષ

## પુસ્તક પરિચય

**ઉપેન્દ્ર ત્રિવેદી : આત્મકથન તથા અન્ય આલેખ.** સંપાદન અને પૂરક લેખન : રજનીકુમાર પંડ્યા અને બીરેન કોઠારી. અમદાવાદ : ગૂર્જર, ૨૦૦૯. પૃ. ૩૬૬. રૂા. ૫૦૦

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના ડોકટર ઓફ લેટર્સ, 'લંકેશ' અરવિંદ ત્રિવેદીના બંધુ, ૧૯૬૦માં પ્રસ્તુત થયેલી ગુજરાતી ફિલ્મ 'કાદુ મકરાણી' થી ૨૦૦૮માં પ્રસ્તુત થયેલી 'કાના કેમ રે ભુલાવી મારી પ્રીત' સુધીના નાયક, ગુજરાતી-હિન્દી ફિલ્મોમાં અભિનયનાં ઓજસ પાથરનાર, પદ્મશ્રી, પં. ઓમકારનાથ ઠાકુર એવોર્ડ, રજતકમળ, આનર્ત એવોર્ડ, ગૌરવ પુરસ્કાર, લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ, દાદાસાહેબ ફાળકે એકેડેમી એવોર્ડ, મેયર એવોર્ડ, સાબરકાંઠા એવોર્ડ, કમળાશંકર પંડયા એવોર્ડ, ૧૩ ફિલ્મ એવોર્ડ, ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીનો ગૌરવ પુરસ્કાર પ્રાપ્ત કરનાર, ધારાસભ્ય, વિધાનસભાના ઉપાધ્યાક્ષ અને ગુજરાતી ફિલ્મડમના 'હીઝ હાઈનેસ', ઉત્તર ગુજરાતનું પાણીદાર મોતી અને 'પ્રેક્ષકોના વિશ્વાસનો દસ્તાવેજ' એટલે આપણા ડૉ. ઉપેન્દ્રભાઈ ત્રિવેદી. જીવનની ફિલસૂફી પ્રસ્તુત કરતાં ડૉ. ઉપેન્દ્રભાઈ ત્રિવેદી કહે છે કે,

"ખબર છે ખેલ મારો રાતમાં પૂરો થવાનો છે,
છતાંય પાઠ મારો ઠાઠથી ભજવી રહયો છું".

ડૉ. ઉપેન્દ્રભાઈ ત્રિવેદી જેવું વ્યકિતત્વ કેવી રીતે સર્જાય છે, તેની વાત આ ગ્રંથમાં પ્રસ્તુત છે. વાસ્તવમાં આ ગ્રંથ ડૉ. ઉપેન્દ્રભાઈ ત્રિવેદીની જીવનગાથા છે. આ ગ્રંથ કુલ ૪ ખંડ અને પરિશિષ્ટમાં સમાવિષ્ટ છે. પ્રથમ ભાગ 'ઊગ્યો ઊગ્યો ઉગમણે દરબાર'માં અભિનયસમ્રાટની અભિનયયાત્રા, મંચનો મહારથી, અવાજની દુનિયામાં આગવું સ્થાન, પડદા પર પ્રાગટય, રાજ કર્યું હ્દયો પર, અરીસાની બીજી બાજુ, બંધુત્વનો ત્રિવેણીસંગમ, દ્વિતીય ભાગ 'ભોમિયા વિના ભમ્યો ડુંગરા'માં આત્મકથન, ડુંગર કોરીને ઘર કર્યા, સપનાં બિલોરી કાચનાં, કેટલીક યાદો કેલીડોસ્કોપિક, ઘોળ-ઘોળી પ્યાલા ભરિયા રંગીલા, નિયતિ ખોલે મંચ નવો, ખંડ ૩ 'ગહરે પાની પૈઠ' અને 'મનમાં જયારે મ્હોરતો સૂરજ'માં માત્ર પ્રાદેશિક નહીં, રાષ્ટ્રીય કક્ષાનું રતન (લે. ભૂપત વડોદરિયા), An Actor of grand manner, epic (by Shyam Banegal), ઉપેન્દ્ર ત્રિવેદી : ધાર કાઢેલી ચેતના (લે. સિતાંશુ યશચંદ્ર), એકસો બત્રીસ ફૂટનો માડૂ (લે. મધુરાય), અભિનેતા-નેતા : ઉપેન્દ્ર ત્રિવેદી (લે. ચિનુ મોદી), પદ્મશ્રી ઉપેન્દ્રની નવી ભૂમિકા (લે. તારક મહેતા), ઉપેન્દ્ર ત્રિવેદી : અવાજથી પણ એકટિંગ કરી શકતા કલાકાર (લે. સલિલ દલાલ), પ્રિયજન (લેખક : અરવિંદ શાહ) ઉપેન્દ્રમ ત્રિવેન્દ્રમ (લે. અશોક દવે), કલાયોગી : ઉપેન્દ્ર ત્રિવેદી (લે. દોલત ભટ્ટ), ઉપેન્દ્ર ત્રિવેદી : ધી લિવિંગ લિજન્ડ (લે. દેવેન્દ્ર પટેલ), ઉપેન્દ્ર ત્રિવેદી - અભિનયનું અજવાળું (લે. પી.કે. લહેરી), સ્મરણ આછેરાં (લે. સતીશ વ્યાસ), કથાકથનના જાજરમાન કલાકાર : ઉપેન્દ્ર ત્રિવેદી (લે. ઉત્પલ ભાયાણી), અભિનયની સુવર્ણરેખા (લે. શાહબુદ્દીન રાઠોડ), અભિનયની ટેકસ્ટબુક 'અભિનયસમ્રાટ' (લે. સિધ્ધાર્થ રાંદેરિયા), હું તો આ ઉપેન્દ્રને ઓળખું છું. (લે. દિનકર જોષી), જરા આમ પણ વિચારી જોઈએ (લે.બકુલ ટેલર), વીર પાણીવાળો (ડૉ. કેશુભાઈ દેસાઈ), જેનો સૂરત અસ્ત થવાનો નથી (લે. અવિનાશ વ્યાસ), સલામ તને ! (લે. અમૃત ઘાયલ), ઉપેન્દ્રે ઉપેન્દ્રે (લે.ગની દહીંવાલા), અણમોલ રત્ન ઉપેન્દ્રથી ગૌરવભીની ગુજરાત છે. (લે. કવિ દાદ), અભિનેતા ઉપેન્દ્ર ત્રિવેદીને ! (લે. બરકત વીરાણી), મોતી પાણીદાર છે (બકુલ રાવલ), અભિનયસમ્રાટ ઉપેન્દ્ર (નર્મદાશંકર શાસ્ત્રી), ખંડ-૪ 'ડુંગરા બોલે છે મોર'માં થર્ડ વોઈસ ઓફ પોએટ્રી (લે. ઉપેન્દ્ર ત્રિવેદી), અહાંગરો (કવિ ઉપેન્દ્ર ત્રિવેદી), ઉપેન્દ્રનું અંતરંગ (બિનીત મોદી), સહજકીર્તિમાં સ્વ્યંસિધ્ધ ઉપેન્દ્રભાઈ (લે. કીર્તિકાન્ત પુરોહિત) જેવી સિધ્ધહસ્ત કલમે લખાયેલ કૃતિઓનો સંગમ આપણને એક જ ગ્રંથ જોવા મળે છે. તદ્પરાંત આ કૃતિઓ થકી શ્રી ઉપેન્દ્રભાઈ આપણી સમક્ષ નાટય કલાકાર, કવિ અને લોકસેવક તરીકે પણ આપણી સમક્ષ પ્રસ્તુત થયા છે. અને પરિશિષ્ટ સ્વરૂપે ઉપેન્દ્રભાઈ ત્રિવેદીની ફિલ્મોગ્રાફી, પ્રતિભાના પોંખણા, યશસ્વી જીવનની સાલવારી, ઉપેન્દ્ર ત્રિવેદી સાથે એક મુલાકાત અને કર્ટનકોલનો સમાવેશ થાય છે. તદ્પરાંત નજર હટાવવાનું મન ન થાય તેવા વિવિધ નયનરમ્ય ફોટોગ્રાફ પણ પાને પાને નજરે પડે છે. ગ્રંથના પૃષ્ઠ ઉપરનો ફોટોશ્રી ઉપેન્દ્રભાઈ ત્રિવેદીને ગુજરાતી ફિલ્મોના 'રાજાધિરાજ' હોવાની સાક્ષી પૂરે છે.

ફિલ્મી કલાકારો પૈકી ગુજરાતી ભાષામાં અમિતાભ બચ્ચન (અનુ. બકુલ દવે) અંગ્રેજી ભાષામાં (1) To be or not to be : Amitabh Bachchan by Khalid Mohamad (2) Amitabh Ka Khazana by Amitabh Bachchan અને (3) The Real Amitabh by Amitabh Bachchan (4) Lata Mangeshkar A Biography by Raju Bharatan વગેરે જેવા ગ્રંથો જોવા મળે છે.

ફિલ્મી કલાકારો પર અભ્યાસ-પીએચ.ડી કરવાની શરૂઆત સંભવતઃ વિશ્વપ્રસિધ્ધ ગાયિકા મેડોનાથી થઈ હોવાનું મનાય છે. મેડોના પર પીએચ.ડી. ૧૯૯૦ના દાયકામાં ફેન લોયડે કર્યું હતું. ત્યારબાદ ગ્રેસ કેલી અને ચાર્લી ચેપ્લિન પર પણ પીએચ.ડી. થયું હતું, તે પછી થોમસ હાર્ડી, અને ફેન્ટમ જેવા કાર્ટૂન ચિત્રો પણ પીએચ.ડી.ના વિષયો બન્યા હતા. આપણા ભારતવર્ષમાં દિલ્હીના સમાજશાસ્ત્રી સુષ્મિતા ઘોષ ડૉ. અભિતાભ બચ્ચન પર પીએચ.ડી. કરી રહયા હતાં. ડૉ. ઉપેન્દ્રભાઈના ચાહકો અને કલા ક્ષેત્રે કાર્ય કરતા તથા ડૉ. ઉપેન્દ્રભાઈ ત્રિવેદીના જીવન-કવન પર સંશોધન કાર્ય કરવા ઈચ્છતા સૌકોઈને આ ગ્રંથ અતિ ઉપયોગી નીવડશે.

આ ગુજરાતી સંસ્કરણ અંગ્રેજી તેમજ અન્ય ભારતીય ભાષાઓમાં અનુદિત થાય તે ઈચ્છનીય છે. આ ગ્રંથ યુનિવર્સિટી ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે.

ડૉ. બી.જે. અંકુયા, ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46  Fax : +91 - 261 - 222 73 12    Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. B J Ankuya, Assistant Librarian**

**Published by : J R Mehta, Registrar**

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com